# 8. માલમ હલેસાં માર

## તાસ-5

### ભાષાસજ્જતા :

❖ નીચે આપેલા વાક્યો વાંચો.

| | |
|---|---|
| (1) કબૂતર ઊડ્યું. | (1) સફેદ કબૂતર ઊડ્યું. |
| (2) અમદાવાદ શહેર છે. | (2) અમદાવાદ મોટું શહેર છે. |
| (3) ચાંદો ઊગ્યો. | (3) રૂપેરી ચાંદો ઊગ્યો. |

પ્રથમ વાક્ય અને બીજું વાક્ય વાંચતાં તેમાં નવા ઉમેરાયેલા એક એક શબ્દ 'સફેદ', 'મોટું', 'રૂપેરી' ને કારણે 'કબૂતર', 'શહેર', અને 'ચાંદો' જેવી સંજ્ઞાઓનાં અર્થમાં વધારો થાય છે.

ટૂંકમાં, સંજ્ઞાના અર્થમાં વધારો કરે તેને **'વિશેષણ'** કહે છે.

અહીં 'સફેદ', 'મોટું' અને 'રૂપેરી' શબ્દો ગુણ દર્શાવે છે, તેથી આ શબ્દો **'ગુણવાચક વિશેષણ'** છે.